જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૦૨/૨૦૨૦**

# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

### ઘરફોડ ચોરીના ગુનાના આરોપી ને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં શોધી કાઢતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેક્ટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ તથા સર્વેલન્સ સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ નાઓને ખાનગી બાતમી હકિકત કે " શૈલેષ ઉર્ફે સોહન કાંતીલાલ પારઘી નામનો ઇસમ નાના ચીલોડા ખેતલા આપા ટી સ્ટોલની પાસે નિલમ પાર્ક સાયટી બાલાજી પાનની દુકનની ઉપરના ભાગે આવેલ પોતાની રૂમમાં ચોરી અગર છળકપટ થી મેળવેલ મુદ્દામાલ છુપાવી રાખેલ છે " જે બાતમી હકીકત આધારે સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૦૨૦૦૧૪૮/૨૦૨૦ ઇ પી કો કલમ– ૩૮૦, ૪૫૭ મુજબના ગુન્હાના કામે તારીખ-૧૨/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ થી તા- ૧૩/૧/૨૦૨૦ ના કલાક ૦૩/૦૦ વાગ્યા દરમ્યાન નાના ચીલોડા ચાર રસ્તા ઇન્ડીયન પેટ્રોલ પંપની સામે ખેતલા આપા ટી સ્ટોલ ની બાજુમાં આવેલ મહાકાલી સ્ક્રેપ ટ્રેડર્સ નામની ભંગારની દુકાનમાં લોખંડના કાપેલ ટુકડા ભંગાર આશરે ૪ ટન ના કિ.રૂ.૧,૦૦,૦૦૦/- ની ઘરફોડ ચોરી કરેલ જે ગુનાના કામે આરોપી શૈલેષ ઉર્ફે સોહન કાંતીલાલ હકસી પારઘી ઉ વ- ૨૮ રહેવાસી- નાના ચીલોડા ખેતલા આપા ની બાજુમાં નિલમ પાર્ક સાયટી બાલાજી પાનની દુકનની ઉપરના ભાગે આવેલ પોતાની રૂમમાં શેઠ છોટુભાઇ મીયા ના મકાનમાં રૂબીટી પાસે સરદારનગર અમદાવાદ શહેર મુળ રહેવાસી- ગામ- આનંદપુર નવાગરા તા-

આનંદપુરી જિલ્લો- બાંસવાડા રાજસ્થાન  નાને ચોરી કરેલ મુદામાલ સાથે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:-  શૈલેષ ઉર્ફે સોહન કાંતીલાલ હકસી પારઘી ઉ વ- ૨૮ રહેવાસી- નાના ચીલોડા ખેતલા આપા ની બાજુમાં  નિલમ પાર્ક સાયટી બાલાજી પાનની દુકનની ઉપરના ભાગે આવેલ પોતાની રૂમમાં શેઠ છોટુભાઇ મીયા ના મકાનમાં રૂબીટી પાસે સરદારનગર અમદાવાદ શહેર  મુળ રહેવાસી- ગામ- આનંદપુર નવાગરા તા- આનંદપુરી જિલ્લો- બાંસવાડા રાજસ્થાન

મુદ્દામાલ;- લોખંડના કાપેલ સળીયા આશરે- ૨૦૦/- કીલો વજનના કિ.રૂ.૭૦૦૦/-

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પોલીસ સબ ઇન્સપેકટર ડી.આર.બાગુલ (૩) અ.હે.કો. અનીલ બાલકુષ્ણ બ ન-૩૯૧૭ (૪) અ.પો.કો.સંજયકુમાર બાબુભાઇ બ ન ૪૪૩૧ (૫) અ.પો.કો. કલ્પેશકુમાર વાલજીભાઇ બ.ન. ૧૦૧૪૦ (૬) લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ ન  ૧૨૮૬૩ (૭) અ.લોકરક્ષક સંજયકુમાર જગદીશભાઇ બ ન ૧૧૫૦૧ (૮) લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટલાલ બ.ન.૫૯૫  વિગેરે.



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

## કૃષ્ણનગર પો.સ્ટે વિસ્તાર માં થયેલ ઘરફોડ નો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ બપોરના ક.૧૫/૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ પોતાના પેન્ટ ના ખિસ્સામાં કેટલાક રોકડા રૂપિયા છે તે લઇને મેમ્કો ચાર રસ્તા તરફથી આવી હિરાવાડી ચાર રસ્તા તરફ પસાર થનાર છે અને તેની પાસેના ખિસ્સામાં રોકડા રૂપિયા જે અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૪૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબના કામે ચોરીએ ગયેલ છે " જે બાતમી આધારે સદરી ઇસમને હિરાવાડી ચાર રસ્તા પાસે છુટા છવાયા ગોઠવાઇ વોચ કરતા હતા તેવામાં મેમ્કો ચાર રસ્તા તરફથી ઉપરોકત વર્ણન વાળો ઇસમ ચાલતો-ચાલતો આવતો જણાયેલ જે સાથેના પંચોને દુરથી ઓળખી બતાવેલ અને તેની સદરી જગ્યાએ વોચ કરી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી અંગજડતી દરમ્યાન તેની પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- મળી આવેલ જે રૂપિયા પોતાની પાસે ક્યાથી લાવેલ તે બાબતે પૂછતા કોઇ સરખો જવાબ આપતો ન હોય અને કોઇ હકિકત છુપાવતો હોય તેવુ જણાતુ હોય જેથી સદરી ઉપરોકત ગુન્હો દાખલ થયેલ હોય સદરીની વધુ પૂછપરછ માં આરોપીએ ગઇ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ પોતે ઘરે એકલો રહેતો હોય અને કોઇ કામ ધંધો ન હોય પોતાનાજ મકાન ની પાસે ભૈરવનાથ ફરસાણ ની દુકન આવેલ હોય જે દુકાન રાતના સમયે બંધ હોય જેથી રાતના આશરે સાડા દસેક વાગ્યાના સૂમારે આજુ-બાજુમાં કોઇ ન જણાતા દુકાન ના સટરને મારેલ લોક તોડી સટર ઉચુ કરીને દુકાન માં પ્રવેશ કરેલ અને દુકાન નો ગલ્લો ખોલી નાખેલ અને ગલ્લામાં રોકડા રૂપિયા હોય જે ચોરી કરી લઇ લિધેલ અને દુકાન ની બહાર નિકળી ગયેલ અને ગણી જોતા ૧૩,૫૦૦/-હતા જેમાંથી ઉતરાયણના તહેવારને લઇને અલગ-અલગ દુકાને ૩,૫૦૦/-વપરાય ગયેલ અને બાકીની ચોરી કરેલ રૂપિયા સાથે અત્રે પકડાય ગયેલાનું જણાવેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૪૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૧૫/૦૧/૨૦૨૦ ના ક.૧૭/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૧૫/૦૧/૨૦૨૦

**<u>આરોપીનું નામ-સરનામુ</u>**:- નરેન્દ્રસિંહ મુળસિંહ જાતે ઉમંટ(રાજપૂત) ઉ.વ.૬૨ ધંધો-મજુરી રહે મ.નં-૨,સિતારામ ની ચાલી હિરાવાડી ચાર રસ્તા પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ સોન તા.ખેરાગડ જીલ્લો-આગ્રા ઉત્તર પ્રદેશ

**<u>મુદ્દામાલ</u>** :- રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- નો મુદ્દામાલ

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક જાગૃત્તીબેન શંકરભાઇ બ.નં-૨૧૧૯ તથા બીજા સાથેના

<u>આરોપીનો ફોટો</u>



# <u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>

બલ્ડ ડોનેશન કેમ્પ યોજાયેલ હોય વેજલપુર










# પાસાના આરોપીની અટકાયત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૫.૧.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સગાળો બોલી છરી વડે કોણીના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સમીર ઉર્ફે ગામડીયા હુસેનશા દિવાન (ફકીર) રહેવાસી- અનાદીપુરા ભીલવાસ શાહઆલમ દરગાહની સામે શાહઆલમ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સમીર ઉર્ફે ગામડીયા હુસેનશા દિવાન (ફકીર) રહેવાસી- અનાદીપુરા ભીલવાસ શાહઆલમ દરગાહની સામે શાહઆલમ અમદાવાદ શહેર |

- નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બીયર જનતાના સ્વાસ્થયને હાનીકારક હોવા છતા પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બીયરનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના વિદેશી દારુ તથા બીયરનુ વેચાણ કરનાર ઈસમ મોહસીનઅહેમદ ઉર્ફે કાળીયો જહીરઅહેમદ શેખ રહેવાસી- મ.ન.૦૨ સંજરી પાર્ક પમ્પીગ સ્ટેશનની બાજુમા કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર તથા મ.ન.૦૭ અનમ રો હાઉસ શાહઆલમની બાજુમા કેનાલ પાસે વટવા અમદાવાદ તથા મ.ન.૦૧ ખેતરના બાબની ચાલી રેલ્વે સ્ટેશન સામે, સેન્ટ જોસેફ સ્કુલ પાછળ રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહસીનઅહેમદ ઉર્ફે કાળીયો જહીરઅહેમદ શેખ રહેવાસી- મ.ન.૦૨ સંજરી પાર્ક પમ્પીગ સ્ટેશનની બાજુમા કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર તથા મ.ન.૦૭ અનમ રો હાઉસ શાહઆલમની બાજુમા કેનાલ પાસે વટવા અમદાવાદ તથા મ.ન.૦૧ ખેતરના બાબની ચાલી રેલ્વે સ્ટેશન સામે, સેન્ટ જોસેફ સ્કુલ પાછળ રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર |

## નારોલ પોલીસ સ્ટેશન :

# પ્રોહીબિશનની પ્રવૃતિ સાથે સંકળાયેલા ઇસમને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પ્રોહીબિશન સબંધી ગુનાઓ જેમાં (૧) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૧૮૩/૧૯ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબના ગુનાઓના કામના આરોપી મોહસીન અહેમદ ઉર્ફે કાળીયો જહીર અહેમદ જાતે-શેખ ઉ.વ.૨૫ રહે, મ.નં. ૦૨ સંજરીપાર્ક પમ્પીંગ સ્ટેશનની બાજુમા નારોલ અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ ડીટીએન /પાસા /૬૬/૨૦૨૦ તા.૧૫/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ. ૧૫/૦૧/૨૦૨૦ ના કલાક ૨૧/30 વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે.

